# સુરત મહાનગર પાલિકા

| એન.કે.પરમાર<br>કાર્યપાલક ઈજનેર | | ટ્રાફિક સેલ<br>બીજો માળ, આંબેડકર શૉપીંગ સેન્ટર,<br>રીંગરોડ સુરત.<br>ફોન નં.૯૭૨૪૩૪૫૨૧૪<br>ફોન નં.૦૨૬૧–૨૩૫૧૬૫૨ |
|---|---|---|

**અપીલ અરજી નં.–૧**

ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૧૩૩૨
તારીખ:૧૪/૦૮/૨૦૧૪

**અરજદાર:–** શ્રી દિપકભાઈ પટેલ અને શ્રી હસમુખભાઈ રૈયાણી

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(ટ્રાફિક સેલ)
**વિષય:–** આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ હેઠળ શ્રી દિપકભાઈ પટેલ અને શ્રી હસમુખભાઈ રૈયાણીની તા.૨૨/૦૪/૨૦૧૪ની અરજી આઈ.ડી.નં.૦૬(ઈનવર્ડ નં.૨૩૦)
**સંદર્ભ:–** અરજદારશ્રીની અપીલ તા.૦૪/૦૭/૨૦૧૪.

**મહાશય,**

ઉકત વિષય પરત્વેની અરજીથી સીટી બસ સેવાનાં ઈજારા વિગેરે બાબતેની માહિતી (મુદ્દા નં.૧ થી ૧૧) માંગવામાં આવેલ હતી. તેમજ " આર.ટી.આઈ.જોગવાઈઓનો ભંગ કર્યો હોવાથી, મૂળ અરજી મુજબની કોઈ માહિતી આપી ના હોવાથી કોઈ પત્રકે જવાબ પણ આપેલ ના હોવાથી" તેનું કારણ જણાવી નિયત સમય મર્યાદા બાદ વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. અરજદારની વિલંબીત અપીલ અંગે આર.ટી.આઈ.એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આર.ટી.આઈ. કાયદાની કલમ–૧૯ (૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજૂ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

આ સંદર્ભ ટ્રાફિક સેલનાં જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ધ્વારા અરજદારની વિલંબિત અપીલ સંદર્ભે જણાવવામાં આવેલ છે કે અરજદારશ્રીને ટ્રાફિક સેલ વિભાગનાં પત્ર આઉટ વર્ડ નં.૫૦૫, તા.૧૯/૦૫/૨૦૧૪નાં રોજ રજીસ્ટર પોસ્ટ એડીથી પાઠવવામાં આવેલ છે. તે પત્ર શ્રી બાલદા જગદીશ (મો.નં.૯૭૧૨૩૦૦૮૫૫) એ સ્વીકારેલ હોવાનું જણાય, જેમાં માંગવામાં આવેલ માહિતી અંગેની નકલો મેળવવા નકલ ચાર્જીસ જમા કરાવવા જણાવેલ હતું.

ઉકત બાબતે ધ્યાને લઈ અરજદારની વિલંબિત અપીલ બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, નિયત સમયમર્યાદા બાદ વિલંબિત અપીલ અરજી તેમજ ઉપલબ્ધ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અરજદારની તા.૨૨/૦૪/૨૦૧૪ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમયમર્યાદામાં નકલ ચાર્જીસ જમા કરાવી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો, જણાવેલ નકલો દિન–૭ માં નકલ ચાર્જીસ જમા કરાવી મેળવવા સ્વતંત્ર છે.

અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા